# ગુજરાત વિધાનસભા સચિવાલય

-----------

## પંદરમી વિધાનસભા

## બીજું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

૧. **શોકદર્શક ઉલ્લેખો**

(૧)
ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી દિલીપભાઇ રમણલાલ પરીખ તથા પૂર્વ મંત્રી સ્વ.શ્રી વિઠ્ઠલભાઇ હંસરાજભાઇ રાદડિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય
સ્વ.શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ ગીરધરભાઇ ધાણક અને
સ્વ.શ્રી ગોપાલભાઇ ગાભાભાઇ ધુઆના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

૨.
**પ્રશ્નોત્તરી તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી

(૩) માનનીય પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

(૧)
નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ(શૈલેષ પરમાર)માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ-

તાજેતરમાં અમદાવાદમાં બોપલ ખાતેની ડીપીએસ ઇસ્ટ સ્કૂલ દ્વારા ખોટી **NOC** રજૂ કરી માન્યતા મેળવેલ હોવાનું બહાર આવતા આ શાળા અનિશ્ચિત મુદત સુધી બંધ કરવાથી આ શાળામાં ભણતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર થઈ છે અને વાલીઓ નવી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે મુંઝવણ અનુભવી રહ્યા છે ત્યારે આ શાળા સંચાલકો સામે યોગ્ય કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના ભણતરને અસર ન થાય તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

૪. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧)

સન ૨૦૧૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૧૯નો ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન. .......**<u>ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ</u>**

(૨)

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**<u>..... માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર</u>**

## ૫. <u>છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)માનનીય સભ્યશ્રી ઈન્દ્રજીતસિંહ પરમારનો પ્રસ્તાવ</u>

(૧)

**૬૦ મીનીટ** રાજ્યમાં દિન પ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવી કે ખાદ્યતેલ, અનાજ, શાકભાજી, રાંધણગેસ, લોટ, દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓ સહિતના ભાવો વધતાં જાય છે. ઉપરાંત આવી ચીજ-વસ્તુઓ ઉપર જી.એસ.ટીના ઉંચા દર અને બીજી બાજુ પેટ્રોલ, ડિઝલ અને સી.એન.જી.ના વધતા ભાવોને કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના નાગરિકોના જીવનનિર્વાહ પર વિપરીત અસર પડી રહી છે. જીવન જરૂરી ચીજ-વસ્તુઓના ભાવો વધવાથી આમજનતાને મોંઘવારી નડી રહી છે. આથી આમજનતાને રાહત આપવા જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**ગાંધીનગર-૩૮૨૦૧૦**
**તારીખઃ૦૮ ઑગસ્ટ ૨૦૨૩**

**(ડી. એમ. પટેલ)**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા સચિવાલય**

*******************